અગ્રતા ક્રમાંક : ૦૫ પ્રશ્ન ક્ર: ૧૫/૪/૨૮૯

મુળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી. – ડૉ. દર્શીતા શાહ(રાજકોટ પશ્ચિમ)

''રાજ્ય સરકાર દ્વારા સ્પોર્ટસ યુનિવર્સિટીને નાણાકીય અનુદાન''

પૂરક પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રી:- શ્રી પ્રવિણભાઇ માળી, ડીસા.

પૂરક પ્રશ્ન-(૨): ગુજરાત સિવાય ભારત દેશના અન્ય કયા રાજ્યોમાં આવી સ્પોર્ટ્સ યુનિવર્સિટી કાર્યરત છે? ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીમાં અન્ય રાજ્યો કરતા શું વિશેષ લાભ આપવામાં આવે છે?

જવાબ: માનઅધ્યક્ષશ્રી .,

- સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી સિવાય ભારત દેશના ૦૭ રાજ્યમાં સ્પોર્ટ્સ યુનિવર્સિટી કાર્યરત છે.

  (૧) નેશનલ સ્પોર્ટ્સ યુનિવર્સિટી, મણીપુર

  (૨) લક્ષ્મીબાઈ નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ફીઝીકલ એજ્યુકેશન, મધ્યપ્રદેશ

  (૩) મહારાજ ભુપીન્દર સિંગ પંજાબ સ્પોર્ટ્સ યુનિવર્સિટી, પંજાબ

  (૪) શ્રી શ્રી અનીરુધાદેવા સ્પોર્ટ્સ યુનિવર્સિટી, આસામ

  (૫) તમિલનાડુ ફીઝીકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ યુનિવર્સિટી,તમિલનાડુ

  (૬) સ્પોર્ટ્સ યુનિવર્સિટી, દિલ્હી

  (૭) સ્પોર્ટ્સ યુનિવર્સિટી, હરિયાણા

- બીજા રાજ્યની સ્પોર્ટ્સ યુનિવર્સિટીમાં ગ્રેજ્યુએશન/પોસ્ટ ગ્રેજ્યુએશન માટે વાર્ષિક ફી સરેરાશ રૂ.૧,૨૫,૦૦૦/– જેટલી ફી લેવામાં આવે છે. જ્યારે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી ખાતે ગ્રેજ્યુએશન/પોસ્ટ ગ્રેજ્યુએશન માટે વાર્ષિક ફી સરેરાશ રૂ.૭૫૦૦૦/– જેટલી ફી લેવામાં આવે છે. જે સરેરાશ ૪૦ થી ૫૦ ટકા જેટલી ઓછી ફી છે. જેથી અન્ય રાજ્યના વિદ્યાર્થીઓ ગુજરાત રાજ્ય ખાતે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવે છે.